આજની મેચ LSG v/s MI ▶ સમયઃ સાંજે 07:30 વાગ્યે ▶ સ્થળઃ લખનૌ

ટીમ	મેચ	જીત	હાર	પોઈન્ટ	રન રેટ
PBKS	02	02	00	04	1.485
DC	02	02	00	04	1.320
RCB	03	02	01	04	1.149
GT	03	02	01	04	0.807
KKR	04	02	02	04	0.070
MI	03	01	02	02	0.309
LSG	03	01	02	02	-0.150
CSK	03	01	02	02	-0.771
RR	03	01	02	02	-1.112
SRH	04	01	03	02	-1.612

કગીસો રબાડા IPLની વચ્ચે અંગત કારણોસર દક્ષિણ આફ્રિકા પરત ફર્યો

અમદાવાદ, તા. 03 : ગુજરાત ટાઇટન્સનો દક્ષિણ આફ્રિકન ઝડપી બોલર કગીસો રબાડા અંગત કારણોસર દક્ષિણ આફ્રિકા પરત ફર્યો છે.ફ્રેન્ચાઇઝીએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે રબાડા એક મહત્વપૂર્ણ અંગત મામલાનું સમાધાન કરવા સ્વદેશ પરત ફર્યો છે, તે ક્યારે પરત ફરશે તે અંગે કંઇ કહેવાયું નથી. ગુજરાત ટાઇટન્સની ત્રીજી મેચ રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર સામે હતી અને રબાડા તે મેચમાં પ્લેઇંગ ઇલેવનનો ભાગ નહોતા. કેપ્ટન શુભમન ગિલે ટોસ સમયે કહ્યું હતું કે રબાડા અંગત કારણોસર રમી રહ્યો નથી. કાગીસો રબાડા ક્યારે પરત ફરશે તે અંગે કોઇ માહિતી નથી. તે ટીમનો મુખ્ય ફાસ્ટ બોલર છે અને તેની ગેરહાજરી ગુજરાત માટે મોટો ફટકો છે.

KKRએ સનરાઈઝર્સને 80 રને હરાવ્યું

રહાણે-રઘુવંશીએ ખરાબ શરૂઆતમાંથી કેકેઆરને બહાર કાઢ્યું અને વેંકટેશ અને રિન્કુએ ટીમને 200 રન સુધી પહોંચાડી

સનરાઇઝર્સની શરૂઆત સાવ કંગાળ રહી, માત્ર ચાર ખેલાડી બે આંકડે પહોંચવાથી 120 રનમાં તેમનો વિંટો વળી ગયો

કોલકાતા, તા. 03 : આઈપીએલમાં આજે ગુરૂવારે અહીં રમાયેલી એક મેચમાં ખરાબ શરૂઆત પછી અજિંક્ય રહાણે અને અંગક્રિશ રઘુવંશીએ અર્ધશતકીય ભાગીદારીથી ટીમની સ્થિતિ સુધાર્યા પછી વેંકટેશ અય્યરની આક્રમક અર્ધસદી અને રિન્કુ સિંગની સહાયક ઈનિંગની મદદથી કોલકાતા નાઈટ રાઈડર્સે છ વિકેટે 200 રન બનાવીને મૂકેલા 201 રનના લક્ષ્યાંક સામે સનરાઈઝર્સ હૈદરાબાદનો 120 રને વિંટો વળતાં કેકેઆર 80 રને મેચ જીત્યું હતું.

લક્ષ્યાંક આંબવા ઉતરેલી સનરાઈઝર્સ હૈદરાબાદની શરૂઆત પણ ખરાબ રહી હતી અને તેના ટોપ ઓર્ડરના ત્રણ આક્રમક બેટ્સમેન ટ્રેવિસ હેડ, અભિષેક શર્મા અને ઈશાન કિશન માત્ર નવ રન બોર્ડ પર હતા ત્યારે પેવેલિયન ભેગા થઈ ગયા હતા. તે પછી નીતિશ રેડ્ડી અને કામિન્દુ મેન્ડિસે મળીને બાજી સંભાળવાનો પ્રયાસ કર્યો હતો, પણ એમ થઈ શક્યું નહોતું. સનરાઈઝર્સ તરફથી નીતિશ, કામિન્દુ, ક્લાસેન અને કમિન્સ જ બેવડા આંકડે પહોંચી શક્યા હતા અને તેઓ 16.4 ઓવરમાં 120 રને ઓલઆઉટ થયા હતા.

આ પહેલા ટોસ હારીને પહેલા બેટિંગ કરવા આવેલા કોલકાતાની શરૂઆત ખરાબ રહ્યા પછી, કેપ્ટન રહાણે અને રઘુવંશી સાથે ત્રીજી વિકેટ માટે 81 રનની ભાગીદારી કરી હતી. અંતિમ ઓવરોમાં વેંકટેશે માત્ર 25 બોલમાં અર્ધ સદી ફટકારીને 60 રન કરીને આઉટ થયો હતો. રિંકુ સિંહ 32 રન બનાવીને નોટઆઉટ રહ્યો હતો.

કોલકાતા નાઇટ રાઇડર્સ	રન	બોલ	4	6
ડિ કોક કો.ઝીશાન બો.કમિન્સ	1	6	0	0
નરીન કો.ક્લાસેન બો.શમી	7	7	0	1
રહાણે કો.ક્લાસેન બો.ઝિશાન	38	27	1	4
રઘુવંશી કો.હર્ષલ બો.મેન્ડિસ	50	32	3	2
વેંકટેશ કો.અનિકેત બો.હર્ષલ	60	29	7	3
રિંકુ નોટઆઉટ	32	17	4	1
રસેલ રનઆઉટ	1	2	0	0
વધારાના	11			
કુલ (20 ઓવરમાં છ વિકેટે)	200			

વિકેટપતન : 1/14, 2/16, 3/97, 4/106, 5/197, 6/200

બોલિંગ	O	M	R	W
મહંમદ શમી	4	0	29	1
પેટ કમિન્સ	4	0	44	1
સિમરનજીત સિંહ	4	0	47	0
ઝીશાન અન્સારી	3	0	25	1
હર્ષલ પટેલ	4	0	43	1
કામિન્દુ મેન્ડિસ	1	0	4	1

સનરાઇઝર્સ હૈદરાબાદ	રન	બોલ	4	6
હેડ કો.હર્ષિત બો.વૈભવ	4	2	1	0
અભિષેક કો.વેંકટેશ બો.હર્ષિત	2	6	0	0
ઇશાન કો.રહાણે બો.વૈભવ	2	5	0	0
નીતિશ કો.નરીન બો.રસેલ	19	15	2	1
મેન્ડિ કો.રોય બો.નરીન	27	20	1	2
ક્લાસેન કો.મોઇન બો.વૈભવ	33	21	2	2
અનિકેત કો.વેંકટેશ બો.વરુણ	6	6	1	0
કમિન્સ કો.હર્ષિત બો.વરુણ	14	15	2	0
હર્ષલ કોએન્ડબો.રસેલ	3	5	0	0
સિમરનજીત બો.વરુણ	0	1	0	0
શમી નોટઆઉટ	2	4	0	0
વધારાના	6			
કુલ (16.4 ઓવરમાં ઓલઆઉટ)	120			

વિકેટપતન : 1/4, 2/9, 3/9, 4/44, 5/66, 6/75, 7/112, 8/114, 9/114, 10/120

બોલિંગ	O	M	R	W
વૈભવ અરોરા	4	1	29	3
હર્ષિત રાણા	2	0	8	1
વરુણ ચક્રવર્તી	4	0	22	3
આન્દ્રે રસેલ	1.4	0	21	2
સુનિલ નરીન	4	0	30	1

જયસ્વાલના મુંબઈ ક્રિકેટ છોડવા પાછળ મુંબઈના એક સીનિયર ખેલાડી સાથેની તકરાર જવાબદાર?

ગોવા તરફ નેતૃત્વની તક મળતા મુંબઇ ક્રિકેટ છોડ્યું હોવાની જયસ્વાલની વાત માત્ર ખરું કારણ છુપાવવા માટેની હતી?

જમ્મુ-કાશ્મીર સામેની મેચ પછી એક સીનિયર ક્રિકેટર સાથે થયેલો ઝઘડો જયસ્વાલને મુંબઇ છોડવા માટે મજબૂર કરી ગયો!

મુંબઇ, તા. 03 : ભારતીય ટીમના ઓપનિંગ બેટ્સમેન યશસ્વી જયસ્વાલે અંગત કારણોસર પોતાની હોમ ટીમ મુંબઈ છોડીને ગોવા માટે રમવાનો નિર્ણય કર્યા પછી તેના આ નિર્ણય અંગે ઘણા તર્ક વિતર્ક ચાલી રહ્યા હતા. તેમાંથી એક વાત એવી સામે આવી છે કે મુંબઇના એક સીનિયર ખેલાડી સાથે થયેલો ઝઘડો જયસ્વાલને મુંબઇ છોડવા માટે મજબૂર કરી ગયો હોવાનું કહેવાય છે.

જયસ્વાલે બુધવારે પોતાના નિર્ણય સંબંધે કહ્યું હતું કે મારા માટે આ ખૂબ જ મુશ્કેલ નિર્ણય હતો. આજે હું જે કંઇ છું તે મુંબઈને કારણે છે. આ શહેરે મને જે છું તે બનાવ્યો છે અને હું મારા બાકીના જીવન માટે MCAનો ઋણી રહીશ, પણ ગોવાએ મને એક નવી તક આપીને મને નેતૃત્વની ભૂમિકા આપી છે. તે એક મોટી તક હતી જે મારા માર્ગે આવી અને મેં તેને સ્વીકારી લીધી.

જોકે, એક અહેવાલ અનુસાર ગોવા જવાનો જયસ્વાલનો નિર્ણય મુંબઈ ટીમ મેનેજમેન્ટ પ્રત્યેની નારાજગીને કારણે હોઈ શકે છે. ગત સિઝનમાં જમ્મુ-કાશ્મીર સામેની મેચમાં, જયસ્વાલનો ટીમના એક સિનિયર ખેલાડી સાથે બીજા દાવમાં ઝઘડો થયો હતો, જ્યારે મુંબઈની ટીમ મેચ બચાવવા માટે સંઘર્ષ કરી રહી હતી, ત્યારે સિનિયર ખેલાડીએ તેના શોટ સિલેક્શન પર સવાલ ઉઠાવ્યા હતા. જવાબમાં, જયસ્વાલે સિનિયર ખેલાડીને વળતો જવાબ આપતા ઝઘડો થયો હતો.

સૂર્યકુમાર યાદવ મુંબઈ ક્રિકેટ છોડીને ક્યાંય જવાનો નથી : MCA

સૂર્યકુમાર કેટલાક સાથી ખેલાડીઓ સાથે ગોવા વતી રમવાનો યોજના બનાવતો હોવાના અહેવાલો એમસીએએ નકાર્યા

મુંબઈ, તા. 03 (પીટીઆઈ) : મુંબઈ ક્રિકેટ એસોસિએશન (એમસીએ) એ ગુરુવારે એવા અહેવાલોને નકારી કાઢ્યા કે સૂર્યકુમાર યાદવ તેના કેટલાક સાથી ખેલાડીઓ સાથે આગામી રણજી ટ્રોફી સીઝન માટે ગોવા જવાની યોજના બનાવી રહ્યો છે. એમસીએએ કહ્યું હતું કે ભારતનો ટી-20 કેપ્ટન રમતના દરેક ફોર્મેટમાં મુંબઈનું પ્રતિનિધિત્વ કરવા માટે પ્રતિબદ્ધ છે. રણજી ટીમના કેટલાક સિનિયર ખેલાડીઓ સાથેના કથિત મતભેદોને કારણે મુંબઈનો યુવા ઓપનર યશસ્વી જયસ્વાલે મુંબઈથી ગોવા જવાની જાહેરાત કરી દીધી છે. જોકે, જયસ્વાલ ગોવાની ટીમમાં ત્યારે જ જોડાઈ શકશે જ્યારે ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (બીસીસીઆઇ) તેની આંતર-રાજ્ય ટ્રાન્સફર વિન્ડો ખોલશે. બુધવારે એક મીડિયા રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે સૂર્યકુમાર અજિંક્ય રહાણેની કેપ્ટનશીપવાળી મુંબઈ રણજી ટીમ છોડી શકે છે. હકીકતમાં, સૂર્યકુમારે પોતે X હેન્ડલ પર આ અહેવાલને નકારી કાઢ્યો હતો. એમસીએના સેક્રેટરી અભય હડપે એક નિવેદનમાં જણાવ્યું હતું કે મુંબઈ ક્રિકેટ એસોસિએશન (એમસીએ) સોશિયલ મીડિયા પર ફેલાતી અફવાઓથી વાકેફ છે કે સૂર્યકુમાર યાદવ ગોવા ટીમમાં કેટલાક અન્ય ખેલાડીઓ સાથે જોડાશે. તેમણે કહ્યું હતું કે આજે સવારે એમસીએ અધિકારીઓએ સૂર્યા સાથે વાત કરી અને અમે પુષ્ટિ આપી શકીએ છીએ કે આ અહેવાલ સંપૂર્ણપણે પાયાવિહોણા અને ખોટા છે. સૂર્યકુમાર યાદવ મુંબઈ માટે રમવા માટે પ્રતિબદ્ધ છે અને તે મુંબઈનું પ્રતિનિધિત્વ કરવાનો ખૂબ ગર્વ અનુભવે છે.

મુંબઈ ઈન્ડિયન્સના સૂર્યકુમાર, દીપક ચાહર, તિલક વર્મા, કર્ણ શર્માએ રામલલાના દર્શન કર્યા

પાંચ વખતની ઇન્ડિયન પ્રીમિયર લીગ ચેમ્પિયન મુંબઈ ઇન્ડિયન્સના ખેલાડીઓ 18મી સીઝનમાં લખનૌ સુપરજાયન્ટ્સ સામેની મેચ પહેલા અયોધ્યા પહોંચ્યા હતા. અયોધ્યામાં, ટીમના ખેલાડીઓએ તેમના પરિવાર સાથે ભગવાન રામના દર્શન કર્યા હતા. સૂર્યકુમાર યાદવ અને દીપક ચાહર તેમની પત્નીઓ સાથે હતા, જ્યારે તિલક વર્મા અને કર્ણ શર્મા એકલા આવ્યા હતા.

મુંબઈ-લખનૌ વચ્ચેની આજની મેચમાં રોહિત અને પંત પર નજર

બંને ટીમ ત્રણ મેચમાંથી માત્ર એક મેચ જીતી છે અને તેમના માટે બે મુખ્ય ખેલાડીનું ફોર્મ ચિંતાનો વિષય

સાંજે 7-30 વાગ્યાથી શરૂ થનારી મેચનું જીવંત પ્રસારણ સ્ટાર સ્પોર્ટસ અને લાઇવ સ્ટ્રીમીંગ જીયો હોટસ્ટાર પર

લખનૌ, તા. 03 (પીટીઆઈ) : ઇન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ) માં આવતીકાલે શુક્રવારે અહીં મુંબઈ ઈન્ડિયન્સ અને લખનૌ સુપર જાયન્ટ્સ વચ્ચે રમાનારી મેચમાં બધાની નજર રોહિત શર્મા અને ઋષભ પંત પર રહેશે. પાંચ વખતની ચેમ્પિયન મુંબઈ ઈન્ડિયન્સનું આ સિઝનમાં અત્યાર સુધી સારું પ્રદર્શન રહ્યું નથી અને ત્રણ મેચમાં તેના ફક્ત બે પોઈન્ટ છે. ભારતીય કેપ્ટન રોહિતનું ખરાબ ફોર્મ મુંબઈ માટે ચિંતાનો વિષય છે. આ જ વાત લખનૌના કેપ્ટન પંતને પણ લાગુ પડે છે જે રન બનાવવા માટે સંઘર્ષ કરી રહ્યો છે. આ બે મુખ્ય બેટ્સમેનોના નબળા પ્રદર્શનની અસર પરિણામ પર સ્પષ્ટપણે દેખાય છે. આ બંને ટીમો અત્યાર સુધી ત્રણમાંથી ફક્ત એક જ મેચ જીતી શકી છે અને આવી સ્થિતિમાં, શુક્રવારે યોજાનારી મેચમાં જે ટીમ પરિસ્થિતિઓને વધુ સારી રીતે અનુકૂલન કરશે, તેની જીતવાની શક્યતા વધી જશે. એટલું જ નહીં, આ વખતે ક્યુરેટર્સ સ્થાનિક ટીમોને અનુકૂળ પીચ તૈયાર કરી રહ્યા નથી, જેના પર કેટલીક ફ્રેન્ચાઇઝીના કોચ અને ખેલાડીઓએ ખુલ્લેઆમ નારાજગી વ્યક્ત કરી છે.

બાર્સેલોના અને રીઅલ મેડ્રિડ વચ્ચે કોપા ડેલ રેની ફાઈનલ રમાશે

26 એપ્રિલે સેવિલામાં રમાનારી કોપા ડેલ રેની ફાઇનલ આ સિઝનની ત્રીજી અલ ક્લાસિકો બનશે

બાર્સેલોનાએ ફેરન ટોરસના એકમાત્ર ગોલથી એટલેટિકો મેડ્રિડને 1-0થી હરાવીને ફાઇનલમાં પ્રવેશ કર્યો

મેડ્રિડ, તા. 03 (એપી) : બાર્સેલોનાએ બુધવારે અહીં સેમિફાઇનલના બીજા તબક્કામાં એટલેટિકો મેડ્રિડને 1-0થી હરાવીને કોપા ડેલ રે ફૂટબોલ ટુર્નામેન્ટની ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો, જ્યાં તેનો સામનો કટ્ટર હરીફ રીઅલ મેડ્રિડ સામે થશે.

બાર્સેલોના માટે, ફેરન ટોરેસે પહેલા હાફમાં કરેલો ગોલ નિર્ણાયક સાબિત થયો હતો. અગાઉ, ફેબ્રુઆરીમાં આ બંને ટીમો વચ્ચે રમાયેલો સેમિફાઇનલનો પહેલો તબક્કો 4-4થી બરાબર રહ્યો હતો.

બુધવારના ગોલની સાથે બાર્સેલોનાએ કુલ 5-4થી જીત મેળવીને ફાઇનલ માટે ક્વોલિફાય કર્યું હતું. છેલ્લી ચાર સિઝનમાં આ પહેલી વાર છે જ્યારે બાર્સેલોના આ ટુર્નામેન્ટની ફાઇનલમાં પહોંચ્યું છે.

મંગળવારે રમાયેલી મેચમાં રિયલ મેડ્રિડે વધારાના સમયમાં રિયલ સોસિદાદને 5-4ના કુલ સ્કોરથી હરાવીને ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો. 2013-14 સીઝન પછી આ બંને ટીમો વચ્ચે આ પહેલી ફાઇનલ મેચ હશે. તે સમયે રીઅલ મેડ્રિડે ટાઇટલ જીત્યું હતું. 26 એપ્રિલે સેવિલેમાં રમાનારી ફાઇનલ આ સીઝનની ત્રીજી અલ ક્લાસિકો હશે. ઓક્ટોબરમાં સ્પેનિશ લીગમાં બાર્સેલોનાએ રિયલ મેડ્રિડ સામે 4-0થી અને જાન્યુઆરીમાં સ્પેનિશ સુપર કપ ફાઇનલમાં 5-2થી જીત મેળવી હતી. આ સિઝનમાં ચેમ્પિયન્સ લીગમાં પણ બંને હરીફો આમને-સામને આવી શકે છે.

PCB ચીફ મોહસીન નકવીએ ACC પ્રમુખ તરીકેનો કાર્યભાર સંભાળ્યો

ટી-20 ફોર્મેટમાં રમાનારા પુરુષોના એશિયા કપનું સુચારુ આયોજન કરવાનો નકવી સામે પહેલો પડકાર

સપ્ટેમ્બરમાં યોજાનારી એશિયા કપ ટુર્નામેન્ટના સ્થળની હજુ સુધી જાહેરાત કરવામાં આવી નથી

દુબઈ, તા. 03 (પીટીઆઈ) : પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (પીસીબી)ના અધ્યક્ષ મોહસીન નકવીએ ગુરુવારે શ્રીલંકા ક્રિકેટના વડા શમી સિલ્વાના સ્થાને એશિયન ક્રિકેટ કાઉન્સિલ (એસીસી)ના પ્રમુખ તરીકે કાર્યભાર સંભાળ્યો હતો. એસીસી પ્રમુખપદ સભ્ય દેશોમાં બદલાય છે અને હવે તેમાં પાકિસ્તાનનો વારો છે. નકવી 2027 સુધી પ્રમુખ તરીકે રહેશે.

નકવીનો પહેલો પડકાર એ રહેશે કે ટી-20 ફોર્મેટમાં રમાનારા પુરુષોના એશિયા કપનું સુચારુ આયોજન કરવામાં આવે. આ ટુર્નામેન્ટ સપ્ટેમ્બરમાં યોજાવાની છે પરંતુ હજુ સુધી સ્થળની જાહેરાત કરવામાં આવી નથી. નકવીએ એક મીડિયા રિલીઝમાં જણાવ્યું હતું કે એશિયન ક્રિકેટ કાઉન્સિલના પ્રમુખનું પદ સંભાળવા બદલ હું ખૂબ જ સન્માનિત અનુભવું છું. નકવીએ પ્રદેશમાં રમતગમતના વિકાસને વેગ આપવા માટે સામૂહિક રીતે કામ કરવાનું વચન આપ્યું હતું.

તેમણે કહ્યું હતું તે હું રમતના વિકાસ અને વૈશ્વિક પ્રભાવને આગળ વધારવા માટે તમામ સભ્ય બોર્ડ સાથે કામ કરવા માટે પ્રતિબદ્ધ છું. સાથે મળીને આપણે નવી તકો ખોલીશું, વધુ સહયોગને પ્રોત્સાહન આપીશું અને એશિયન ક્રિકેટને અભૂતપૂર્વ ઊંચાઈએ લઈ જઈશું. ગુરુવારની એસીસી બેઠક વર્ચ્યુઅલ રીતે યોજાઈ હતી. ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (બીસીસીઆઈ)ના ઉપપ્રમુખ રાજીવ શુક્લાએ ભારતનું પ્રતિનિધિત્વ કર્યું હતું.

લોસ એન્જલસે નાથન ઓર્ડાઝના ગોલથી ઇન્ટર મિયામીને 1-0 થી હરાવ્યું

CONCACAF ચેમ્પિયન્સ કપ ક્વાર્ટર ફાઇનલના પહેલા તબક્કામાં લિયોનલ મેસી ગોલ ન કરી શક્યો

લોસ એન્જલસ, તા. 03 (એપી) : કોનકાફે ચેમ્પિયન્સ કપ ક્વાર્ટર ફાઇનલ મેચના બુધવારે રમાયેલા પહેલા તબક્કામાં નાથન ઓર્ડાઝે 57મી મિનિટે કરેલા ગોલની મદદથી લોસ એન્જલસ એફસીએ ઈન્ટર મિયામી સામે 1-0થી વિજય મેળવ્યો હતો. આ મેચમાં લિયોનેલ મેસ્સી ગોલ કરી શક્યો ન હોતો. બે વર્ષ પહેલાં મિયામીમાં જોડાયા પછી મેસ્સીએ ચેમ્પિયન્સ કપમાં પોતાની પહેલી છ મેચોમાં પાંચ ગોલ કરીને બે ગોલમાં સહાયક બન્યો હતો. જેમાં આ વર્ષની ટુર્નામેન્ટના શરૂઆતના રાઉન્ડમાં કરેલા ત્રણ ગોલનો પણ સમાવેશ થાય છે.ગયા સપ્તાહના અંતે ઈજામાંથી પાછા ફર્યા બાદ, મેસીએ લોસ એન્જલસમાં આખી મેચ રમી હતી. તેણે પોતાના પાંચમાંથી બે શોટ ટાર્ગેટ પર લગાવ્યા હતા, પરંતુ હ્યુગો લોરિસે બંને શોટને અટકાવતા મેસી ગોલથી વંચિત રહ્યો હતો.

ટર્કિશ કપમાં હાર બાદ જોસ મોરિન્હોએ હરીફ કોચનું નાક પકડી લીધું

ઈસ્તંબુલ, તા. 03 (એપી) : બુધવારે એક જબરદસ્ત મેચમાં ફેરનબેહસેની ટીમ ટર્કિશ કપમાંથી બહાર થયા બાદ જોસ મોરિન્હોએ ગલાટાસરાયના કોચ ઓકાન બુરુકનું નાક દબાવી દીધું હતું. સોશિયલ મીડિયા પર વ્યાપકપણે શેર કરાયેલા ફૂટેજમાં, મોરિન્હો તેના પ્રતિસ્પર્ધીની પાછળથી હાથ લંબાવીને તેના નાકને દબાવતો દેખાય છે. ત્યારબાદ બુરુક તેનો ચહેરો પકડીને જમીન પર પડી જાય છે અને મોરિન્હોને ત્યાંથી દૂર લઈ જવામાં આવે છે.

દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

પેશાબ અટકવો

એને મૂત્રાવરોધ કહે છે. તુરંત ઉપચાર જરૂરી છે. શિલાજિત, ગોખરું, હરડે, કાકડીના બીજ, સૂરોખાર માથી જે ઉપલબ્ધ હોય તે યોગ્ય માત્રામાં, વૈદ્યરાજની સલાહ મુજબ આપો.

રીઅલ મેડ્રિડ ગત સિઝનમાં UEFA તરફથી 154 મિલિયન ડોલર મેળવી ઈનામ રકમ મામલે ટોચે

પેરિસ સેન્ટ જર્મન 135.7 મિલિયન ડોલર સાથે સૌથી વધુ કમાણી મામલે બીજા સ્થાને રહ્યું

જીનેવા, તા. 03 (એપી) : યુએફાએ ગુરૂવારે ચૂકવણીની પુષ્ટિ કરતાં કહ્યું હતું કે ચેમ્પિયન્સ લીગ વિજેતા રીઅલ મેડ્રિડે ગત સિઝનમાં લગભગ 139 મિલિયન યુરો અર્થાત 154 મિલિયન ડોલર મેળવીને ઈનામી રકમની યાદીમાં ટોચ પર રહ્યું હતું.

મેડ્રિડના નાણા બે બિલિયન યુરો અર્થાત 2.22 બિલિયન ડોલરથી વધુ કુલ સ્પર્ધા પુરસ્કાર ભંડોળમાંથી આવ્યા હતા જે આ સિઝનમાં નવા અને વિસ્તૃત ફોર્મેટમાં વધુ ટીમો અને વધુ મેચો સાથે 25% વધી ગયા છે. ક્લબોને ચૂકવણી કરવાના યુએફાના ફોર્મ્યુલામાં ટોચના ક્રમાંકિત ક્લબ પ્રીસીઝન તરીકે મેડ્રિડને 36 મિલિયન યુરો અર્થા 40 મિલિયન ડોલરથી વધુ મળવાનો સમાવેશ થતો હતો, પરંતુ પ્રસારણ અધિકાર સોદામાંથી આવકના હિસ્સા તરીકે ફક્ત 14 મિલિયન યુરો અર્થાત 15.5 મિલિયન ડોલર મળ્યા હતા.

સેમિફાઇનલમાં બહાર થઈ જવા છતાં, પેરિસ સેન્ટ-જર્મન 122.4 મિલિયન યુરો અર્થાત 135.7 મિલિયન ડોલર સાથે બીજા ક્રમે સૌથી વધુ કમાણી કરનાર ટીમ રહી હતી.

સુડોકુ - 'ક્રુતિ' ૬૧૮૩

૯			૮	૧			૩	૭
૩	૫	૪	૨	૭	૬	૧		
૧	૭		૩	૯	૫		૨	
		૯		૫	૩	૨		
								૫
	૩				૮		૪	
	૮	૧		૩	૭		૯	
૪	૯			૮	૨	૭		
	૨	૩	૧					

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.



૬૧૮૩-ક્રુતિ કીંડરિ

આજનું પંચાંગ

તા. 4/04/2025, શુક્રવાર

વિક્રમ સંવત : 2081 **શાકે :** 1947
વીર સંવત : 2551 **માસ :** ચૈત્ર
તિથિ: સુદ: સાતમ 20.13
અયન : ઉત્તરાયન **ઋતુ :** વસંત
રાષ્ટ્રિય દિનાંક : ચૈત્ર :14
યોગ : શોભન
નક્ષત્ર : આદ્રા 29.21 **કરણ :** ગર
રાશિ: મિથુન (ક.છ.ઘ.)
દિવસ : સામાન્ય, વાસંતી દુર્ગાપૂજા પ્રારંભ, બંગાળ
સુરતમાં સૂર્યોદય : 06:31 **સુરતમાં સૂર્યાસ્ત :** 18:53
નવકારસી : 07:19
પારસી વર્ષ : 1394, આવાં માસનો 23 મો રોજ
મુસલમાન વર્ષ : 1446, શવ્વાલ માસનો 5મો રોજ
દિવસનાં ચોઘડિયાં: ચલ, લાભ, અમૃત, કાળ, શુભ, રોગ, ઉદ્વેગ, ચલ
રાત્રિનાં ચોઘડિયાં: રોગ, કાળ, લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ, રોગ
રાહુ કાળ : સવારે 10:30 થી 12:00 સુધી

આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

મેષ (અ,લ,ઇ,): ઇન્ટરવ્યુ, પરીક્ષા કે કોઇ હરીફાઇમાં સફળતા મળે. નોકરીમાં પદપ્રાપ્તિ થાય. બાળકોને મદદરૂપ થશો.

વૃષભ (બ,વ,ઉ,): આર્થિક પ્રગતિ થાય. પણ ઉતાવળિયા રોકાણ કે કોઇની વાતોમાં રોકાણ કરવું ભારે પડે. ધીરજ રાખવી.

મિથુન (ક,છ,ઘ,): વિઘ્નો વગર કામ થવાની શક્યતા છે. માટે પ્લાનિંગથી આગળ વધવું. મહત્વના કામમાં ભાગ લેવાનું બને.

કર્ક (ડ,હ,): ગુસ્સા પર કાબૂ રાખવો. સરકારી કામમાં ધીરજ રાખવી. વિદેશના કામમાં સાવધાની રાખવી.

સિંહ (મ,ટ,): જૂના કરેલા રોકાણ અને કામનો લાભ મળે. નવા રોકાણમાં ધીરજ રાખવી. વિદ્યાર્થીઓને મદદ મળે.

કન્યા (પ,ઠ,ણ,): કામની કદર સ્વરૂપે માન-પદ અને નવી જવાબદારી મળે. ધંધામાં નવા સોદાથી લાભ થાય.

તુલા (ર,ત,): વિદેશ સાથેના કામ કે વેપાર વગેરેમાં મદદ મળે. અચાનક પ્રવાસ થાય. ધાર્મિક પ્રવૃત્તિથી શાંતિ મળે.

વૃશ્ચિક (ન,ય,): પરિવાર સાથે ઘર્ષણ થઇ શકે છે તેમજ હિતશત્રુઓ પરેશાની વધારે. શુભ સમાચાર મળે.

ધન (ભ,ધ,ફ,ઢ,): ઘર, કુટુંબમાં આનંદમય પ્રસંગની જવાબદારી નિભાવવી પડે. વડીલો સાથે ઘર્ષણ ટાળવું.

મકર (ખ,જ,): સરકારી નોકરીની યોજનામાં પ્રગતિ થાય. હરીફોની પીછેહઠ થાય. અચાનક નવી તક મળે.

કુંભ (ગ,સ,શ,ષ,): કોઇ બાબતમાં દેખાડો કરવો નહીં. ખાસ કરીને પ્રેમમાં. વિદ્યાર્થીઓને તક મળે. નવી બચત થાય.

મીન (દ,ચ,ઝ,થ,): નોકરીમાં અસંતોષ વધે. ધંધામાં નવી યોજના બને. અચાનક નવા સોદાથી ઉત્સાહ વધે.

કોઇ પણ સાલમાં 4 એપ્રિલે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ ઉત્સાહજનક પસાર થશે. નોકરીમાં નવી તક અને જવાબદારી સાથે પગારવધારાનો લાભ મળે. નવી સરકારી નીતિ, યોજના દોડધામ વધારે. ધંધા વ્યવસાયમાં અનુકૂળતા રહે. વિદ્યાર્થીઓને નવી શિક્ષણ નીતિનો લાભ મળે. નવી ટેકનોલોજીથી રાહત થાય. નોકરી ધંધા, વ્યવસાયમાં હરીફોની હેરાનગતિ રહે. છતાં આર્થિક પ્રગતિ અને ઉઘરાણી આવવાથી બચત યોજના બને. સમાજમાં સામાન્ય રહે. ઉમરલાયકના વિવાહ થાય. વિદેશના કામમાં મદદ મળે. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં પ્રગતિ થાય. નવા ઘર, વાહન, મકાન બાબતે શરૂઆતમાં સફળતા મળે. સંતાનોનાં કામ થાય. મિત્રો, વડીલો, વારસા, જાયદાદ, જમીન જેવા કામમાં મદદરૂપ બને. યાત્રા-પ્રવાસ, ધર્મ-કર્મથી શાંતિ મળે. જૂન-જુલાઇમાં નોકરીમાં અનુકૂળતા વધે. નવેમ્બર-ડિ